
સુવિચાર : માણસ ૨૦ ટકા વધુ વિચારે, ૩૦ ટકા બોલવાનું ઓછું કરે અને ૫૦ ટકા વધુ કાર્યક્ષમતા બતાવે તો એનો બેડો પાર થઇ જાય- ગુણવંત શાહ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૯ | ૨૯ એપ્રિલ, ૨૦૧૫, બુધવાર ; વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



નેપાળ ભૂંકપમાં મૃત્યાંક ૧૦,૦૦૦ થઇ શકે - કોઇરાલા

Page-6

# મનપાના હોદ્દેદારોની પસંદગી મામલે રાજકીય ઉત્તેજના

## ભાજપની સંકલન સમિતિની બેઠક મળી : કોંગ્રેસના નિરીક્ષકોએ પણ ડિનર ડિપ્લોમસી બાદ સતત સંપર્ક કાઉન્સીલરો સાથે રાખી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા સૂત્રધારોની પસંદગી રાજ્યના સ્થાપના દિવસે થવાની છે ત્યારે સ્થાનિક રાજકારણ જોરદાર ગરમાયુ છે અને નેતાઓએ પણ પસંદગી અંગેની કવાયત હાથ ધરી છે.

૩ સભ્યોના પક્ષાંતરને પગલે સત્તા મેળવનાર ભારતીય જનતા પક્ષની સંકલન સમિતિની આજે એક મહત્વની બેઠક અત્યંત ખાનગીમાં મળી હતી અને જેમાં વર્તમાન રાજકીય સ્થિતિને લઈ ખુબજ ઊંડાણથી ચર્ચાઓ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સંકલન સમિતિના વડા અને પ્રભારી શ્રી કે.સી. પટેલ અને શ્રીમતિ રમીલાબેન બારા હવે આ મુદ્દે પ્રદેશ નેતાઓ સાથે પરામર્શ કરશે અને પ્રદેશ નેતાગીરી આ પછી મેન્ડેટ બંધ કવરમાં મોકલશે.

૧લી મે ના રોજ યોજાનાર ચૂંટણીની પ્રક્રિયાને લઈ કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરો દ્વારા ગુપ્ત બેઠકોનું આયોજન થઈ રહ્યું છે. બે દિવસ પહેલાં સે. ૧૯ નજીકના વિસ્તારમાં કાઉન્સીલરો સાથે આ મુદ્દે ખુબજ વિસ્તૃત પરામર્શ બેઠક યોજાઈ હતી.

ચૂંટણીને લઈ બન્ને પક્ષો સક્રિય બન્યા છે અને પોતપોતાની રણનીતિને આખરી ઓપ આપવામાં નેતાઓ વ્યસ્ત બન્યા છે. જો કે બન્ને પક્ષના કાઉન્સીલરો જો અને તો ના સમીકરણો સાથે સતત લોબીંગમાં વ્યસ્ત રહ્યા છે.

કોંગ્રેસના પ્રદેશ કક્ષાએથી નિમાયેલા નિરીક્ષકો કાઉન્સીલરોના સતત સંપર્કમાં છે તો ભાજપે પણ ઉમેદવારોની પસંદગી અંગેની પ્રાથમિક કવાયતો આરંભી દીધી છે.

કોર્પોરેશનની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી ઉમેદવારોની પસંદગીને અગ્રતા આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

દોઢ વર્ષના લાંબા અંતર બાદ પ્રથમવાર સામાન્ય સભા મળી રહી છે અને બન્ને પક્ષો જે રીતે સક્રિય બન્યા છે તેને લઈ રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

### સ્થાપના દિને જ મહિલા મેયરની પસંદગી થશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાપના વિધિવત્ રીતે ૧લી મે ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કરી હતી અને હવે ગાંધીનગરના દ્વિતીય મેયર પણ ૧લી મે ના રોજ પસંદ થશે.

આ વખતે મહિલા માટે બેઠક અનામત છે. રાજ્યના મુખ્યમંત્રી મહિલા છે. અને રાજ્યના સ્થાપના દિને પાટનગરમાં મહિલા મેયર બનશે એ પણ યોગાનુયોગ છે.





પક્ષી કોલોની - પ્રકૃતિની ગોદમાં પક્ષીઓને બચાવવા માટે અને ગરમી સામે રક્ષણ આપવા દેશી પ્રકારના પક્ષીઘર બનાવવાનો પ્રયોગ વન ચેતના કેન્દ્ર ખાતે પ્રતિવર્ષ કરાય છે... પક્ષીઓનું ઘર એટલે વૃક્ષોની ડાળીઓ... પરંતુ અસહ્ય ગરમીમાં વૃક્ષની ડાળીઓ પર જીવવાનું અઘરું બને છે ત્યારે પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા અનોખા પ્રકારનું પક્ષીઘર બનાવાય છે... શહેરીકરણ વધતા પણ પક્ષીઓને રહેવાની અને કલરવ કરવાની ભારે હાલાકી પડે છે... ત્યારે વૃક્ષોના ઝુંડમાં પક્ષીઓને સમુહમાં રાખવાનો પ્રયાસ અભિનંદનીય છે... ખૂબ જ ઓછા ખર્ચે સુવિધાપૂર્ણ રીતે અને ઠંડકના માહોલમાં ગરમી સામે રક્ષણ આપવાનો પ્રયોગ પ્રત્યેક પ્રકૃતિ પ્રેમીએ ઘેર ઘેર કરવો જોઈએ...

# સિવીલની મુલાકાત સાથે મેલેરિયાની કિંમતી ભેટ મેળવો

## સિવીલમાં ત્રણથી વધુ સ્થાનો પર મેલેરિયાના મચ્છરોના બ્રિડીંગ મોટા પાયે : પી.આઈ.યુ. ને બંધિયાર પાણી દૂર કરવા અને સ્વચ્છતા માટે વાંરવારની સૂચના પછી પણ પત્થર પર પાણી જેવી સ્થિતિ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ સંકુલમાં જ ત્રણથી વધુ સ્થાનો પર મેલેરિયાના મચ્છરોના મોટા મોટા ઉત્પત્તિ કેન્દ્રો છે અને આ બંધિયાર પાણી દૂર કરવા તેમજ સ્વચ્છ જગ્યા બનાવવા માટે પી.આઈ.યુ.ને વારંવારની તાકીદ પછી પણ પગલાં ન લેવાતાં હવે તો સિવીલની મુલાકાત સાથે મેલેરિયા મફતમાં મેળવો તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના ઓ.પી.ડી. સંકુલની આસપાસ જ આવેલા મચ્છરોના આ ઉત્પત્તિ કેન્દ્રોને લઈ તંત્રના સત્તાવાહકો દ્વારા વારંવાર પગલાં લેવા જણાવાયુ હોવા છતાં કોઈ જ પગલાં લેવામાં આવતા નથી.

ગત સિઝનમાં પણ સિવીલ હોસ્પિટલમાંથી મચ્છરોના બ્રીડીંગ મોટી સંખ્યામાં મળ્યા હતા ત્યારે મેલેરિયા તંત્રએ વારંવારની વિનંતીઓ કરી હતી પછી પગલાં લેવાયા હતા.

અહિ બંધિયાર પાણીના ખાબોચિયા છે તેમજ સૂર્યપ્રકાશ પણ ઓછો પડે છે જો કે ગરમીનું તીવ્ર મોજું ચાલી રહ્યું છે પણ અહિ મચ્છરોની ઉત્પત્તિ માટેનું સંપૂર્ણ સાનુકૂળ વાતાવરણ છે.

સિવીલ હોસ્પિટલની કન્સ્ટ્રકશન સાઈટ હાલ ચાલુ છે. તંત્ર એ આ સાઈટને સ્વચ્છતા અને પાણી બંધિયાર ના રહે તે જોવા માટે પત્ર લખી જાણ પણ કરી છે.

જો કે પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન

● અનુસંધાન પાન-૭ પર



ગરમી સામે રક્ષણ - પ્રાણી સંગ્રહાલયમાં અબોલ પ્રાણીઓને ગરમી સામે રક્ષણ આપવા એરકુલર તેમજ પાણીના ફુવારાની વ્યવસ્થા કરાઈ છે... બપોરના સમયે પાણીનો છંટકાવ કરીને ઠંડકનું વાતાવરણ ઉભું કરાવાય છે... અમદાવાદ અને ગાંધીનગરમાં પ્રાણીઓના ગરમી સામે રક્ષણ માટે વન વિભાગ દ્વારા ઉપાયો કરાય છે...

# કોર્ટ કેસોના ઝડપી ઉકેલ માટે તંત્રને સક્રિય બનાવતા કલેક્ટર

## દર મંગળવારે તેમના અધ્યક્ષસ્થાને રિવ્યુ બેઠક થશે

## ૨૦૦ થી વધુ કેસો તંત્રના વિવિધ કોર્ટમાં ચાલે છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના વિવિધ કોર્ટોમાં ચાલતા કેસોના ઝડપી નિકાલ માટે કલેક્ટરશ્રી રવિશંકરે તંત્રને સક્રિય બનાવતાં દર મંગળવારે તેમની અધ્યક્ષતામાં આ અંગે રિવ્યુ બેઠક કરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લાતંત્રની સામે વિવિધ કોર્ટોમાં વિવિધ વિભાગોના ૨૦૦થી વધુ કેસો અને અપીલો ચાલી રહી છે. આ કેસોના ઝડપી નિકાલ માટે હવે તંત્ર સકારાત્મક અભિગમ સાથે આગળ વધવા માંગે છે તેમ કલેક્ટરશ્રીના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં કોર્ટ કેસો જે ચાલે છે તેમાં એક સરખા કેસો અલગ તારવવા સહિતની સૂચનાઓ આજે યોજાયેલ રિવ્યુ બેઠકમાં કલેક્ટરશ્રીએ આપી છે.

ગાંધીનગરની કલેક્ટર કચેરીના કેસો કેટલાક તો ઘણા લાંબા સમયથી ચાલી રહ્યા છે અને અહિ રેકર્ડ રૂમ પણ નાનો પડી રહ્યો છે ત્યારે તંત્રએ હવે સકારાત્મક અભિગમ સાથે કોર્ટ કાર્યવાહીમાં આગળ વધવાનો નિર્ણય કરેલ છે.

જિલ્લાઓના પડતર કેસોના ઝડપી નિકાલ માટે લીગલ ઓફિસરની અલાયદી જગ્યા ઉભી કરવાની વાતો સરકારની ફાઈલોમાં અટવાઈ જવા પામી છે. જે ઉલ્લેખનીય છે.

### પાંચ સનદી અધિકારીઓ રાહત બચાવ કામગીરીના સંકલન માટે નેપાળ જશે

ગાંધીનગર, તા.૨૮

નેપાળમાં આવેલા વિનાશક ભૂકંપમાં રાહત બચાવ કામગીરીમાં મદદરૂપ થવા ગુજરાત સરકારના પાંચ અધિકારીઓની એક ટીમ નેપાળ જનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં નેપાળમાં કાઠમંડુ સહિત અનેક વિસ્તારોમાં વિનાશક ભૂકંપ આવતા ભારે તારાજી સર્જાઈ હતી. ચાર હજારથી વધુ લોકોના મોત નિપજ્યા છે જ્યારે હજ્જારો લોકો બેઘર બન્યા છે.

ભૂકંપે વેરેલ તારાજીમાં અસરગ્રસ્તો અને નેપાળ સરકારની મદદ માટે ગુજરાત સરકારે પાંચ ઉચ્ચ સનદી અધિકારીઓને રાહત બચાવ કામગીરી માટે નેપાળ મોકલવાનો નિર્ણય કર્યો છે. રાજયના આરોગ્ય કમિશ્નર જે. પી. ગુપ્તાની આગેવાની હેઠળ પાંચ અધિકારીઓની ટીમ નેપાળ જશે.

આ ટીમ નેપાળમાં ભૂકંપથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત બચાવ કામગીરીની નિરીક્ષણ કરીને રાહત બચાવ કામગીરીમાં મદદરૂપ બનશે અને અસરગ્રસ્ત લોકોને પણ જરુરી રાહત સામગ્રી પહોંચાડવા માટે પણ રાહત કામગીરી સાથે સંકલન કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે નેપાળમાં આવેલા ભૂકંપમાં રાહત બચાવ કામગીરી માટે રાજય સરકાર દ્વારા પણ મદદ કરવામાં આવી છે.

**સ્વતંત્ર મકાન / ટેનામેન્ટ ભાડે જોઈએ છે**

3-BHKનું સ્વતંત્ર મકાન / ટેનામેન્ટ ભાડેથી સારી કન્ડીશનવાળું, સારી લોકોલીટીમાં, પાર્કિંગ અને ગેસની સુવિધાવાળું જોઈએ. સેક્ટર-૭માં પ્રથમ પસંદગી, સે.૬ અને ૮માં પણ ચાલે. ફક્ત માલિક સંપર્ક કરે

સંપર્ક : મો. ૯૯૨૪૩ ૭૭૯૯૯

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

**ફળોના રાજા કેરી માટે સરનામું નોંધી લો**

સર્વોત્તમ ક્વોલિટી, રત્નાગીરી, હાફુસ તથા જુનાગઢ અને કચ્છની કેસર કેરી માટે મળો

**રહીમચાચા**

ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, નવદીપ કિરાણા સ્ટોરની પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં, સે-૨૧, ગાંધીનગર

નોંધ : દર સોમવારે દુકાન ચાલુ રહેશે.

